**DGGIએ સુમતિ સિલ્વરના દસ્તાવેજો કબજે કર્યા**

# ૧૦૦૦ કરોડનો ધંધો અને કરપાત્ર આવક માત્ર રૂ.૩૦.૭૭ કરોડ

**પારેખ** જ્વેલર્સના અમરકુમાર પારેખ, વર્તિ જ્વેલર્સના શુભમ વિનોદભાઈ મહેતા તથા શુભલક્ષ્મી જ્વેલર્સના માલિકના પુત્ર રવિશ કમલેશ ચોક્સીનું નિવેદન લેવાયું

### પરિવાર અને કર્મચારીઓનાં એકાઉન્ટમાં રૂપિયા લેવાતા હતા

પરિવાર અને કર્મચારીના એકાઉન્ટમાં લેવાયેલા કરોડો રૂપિયાનો હિસાબનો તાગ મેળવવા ડીજીજીઆઈએ ચક્રોગતિમાન કર્યા છે. એપ દ્વારા ચાંદીના માલના વેચાણનાં હિસાબોની પુછપરછમાં આ રકમ તેમના પુત્રના બેંક ખાતામાં, તેમના ખાતામાં અને અન્ય કર્મચારીઓ સહિતનાં એકાઉન્ટમા પ્રાપ્ત થઈ હોવાનું કબૂલ્યું હતું.

સુરતઃ તાજેતરમાં **DGGI** દ્વારા B2B તેમજ B2C સપ્લાય તરીકે ચાંદી અને સોનાના આભૂષણો, સિક્કા, અન્ય વસ્તુઓ સપ્લાય કરતી મેસર્સ સુમતિ સિલ્વરનાં યતીનકુમાર સુમતિલાલ શાહની ૧૭ કરોડનાં જીએસટી ચોરીમાં ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં ડીજીજીઆઈએ માંત્ર વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ સુધીનો ત્રણ વર્ષનુ આંકલન કરી અંદાજે ૫૭૫ કરોડનો બિનહિસાબી વ્યવહારોનો અંદાજ લગાવી ટેક્સ ચોરીનો આરોપ મુકવામાં આવ્યો છે. જાણકાર સૂત્રોનાં જણાવ્યાં મુજબ આ યતીનકુમાર શાહના ચોકસી બજાર સ્થિત ધંધાનાં સ્થળે અને અડાજણ નિવાસસ્થાનેથી ખુબ જ મોટાપાયે બિલ વગરના કાચા વ્યવહારોનાં ચિઠ્ઠા મળી આવ્યાં છે. જેનો આંક ૧૦૦૦ કરોડની આસપાસનો હોવાનું કહેવાય છે. ચાંદી અને સોનાના આભૂષણો, સિક્કાના વેચાણમાં રોકડા ૧૫ લાખ આદિનાથ જ્વેલર્સ તથા કમલભાઈ શિલાલેખ નાં નામે ૪૫ લાખ રોકડનો વ્યવહાર મળી આવ્યાં છે. તેમજ જુના વષોનાં રોકડ વ્યવહારોનો હિસાબ તપાસ એજન્સીને હાથ લાગ્યાં છે. જાણકાર સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ આ કેસમાં પારેખ જ્વેલર્સ પાસેથી મળેલા રોકડા રૂપિયા ૧૨.૦૮ કરોડના વ્યવહારોમાં ડિરેક્ટર અમરકુમાર અજય પારેખ, ૧.૩૪ કરોડનાં વ્યવહારમાં વર્તિ જ્વેલર્સના માલિક શુભમ વિનોદભાઈ મહેતા તથા ૧.૯૯ કરોડમાં શુભ લક્ષ્મી જ્વેલર્સના માલિકના પુત્ર રવિશ કમલેશ ચોક્સીનું નિવેદન લેવાયુ છે.

# જામીનની શરતોનો ભંગ કરનાર યશા મીંડી ફરી જેલભેગો

**ગુજસીટોકના** ગંભીર ગુનામાં જામીન પર છૂટ્યા બાદ સુરતમાં પ્રવેશ કરતાં ફરી જેલભેગો થયો

સુરતઃ ગુજસીટોકના ગંભીર ગુનામાં જામીન પર મુક્ત થયા બાદ કોર્ટ દ્વારા ફરમાવાયેલી શરતોનો ભંગ કરી સુરત શહેરમાં ગુપ્ત રીતે પ્રવેશ કરતો કુખ્યાત આરોપી અંતે પોલીસના કબજામાં આવી ફરી જેલભેગો થયો છે. અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનની ટીમે કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી આરોપીને લાજપોર જેલ ખાતે મોકલી આપ્યો છે. અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશન દ્વારા વર્ષ 2022માં નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં સંડોવાયેલા આરોપી મોંહમદ યશા હનીફ ઉર્ફે અન્નુ મીંડી શેખ (ઉ.વ.30), (રહેવાસી નાનપુરા)ની ગુજસીટોક હેઠળ અટક કરવામાં આવી હતી. આરોપી સુરત શહેરમાં પ્રવેશ કરશે નહીં તેવી શરતોને આધારે તેને જામીન આપવામાં આવ્યા હતા. જોકે પોલીસને મળેલી ચોક્કસ બાતમી મુજબ આરોપી અવારનવાર સુરત શહેરમાં આવતો હોવાની માહિતી સામે આવી હતી.

આ આધારે તપાસ અધિકારીએ નામદાર કોર્ટમાં પરચુરણ ફોજદારી અરજી નં. 826/2024 દાખલ કરી અને વિગતવાર સોગંદનામું રજુ કર્યું. પોલીસની દલીલો માન્ય રાખતાં ગુજરાત હાઈકોર્ટએ આરોપીના જામીન રદ કરવાનો હુકમ કર્યો હતો. હાઈકોર્ટના આદેશ બાદ પોલીસ ઈન્સ્પેક્ટર આઈ.એમ. હુદડ, પોલીસ ઈન્સ્પેક્ટર આર.આર. મકવાણા તથા સર્વેલન્સ ટીમને આરોપીને શોધી કાઢી અંતે આરોપીને કડક પોલીસ બંદોબસ્ત સાથે લાજપોર સેન્ટ્રલ જેલખાતે મોકલી આપવામાં આવ્યો છે.

### હોળીના રંગમાં શ્વાન પણ બન્યો રંગીન



તાજેતરમાં રખડતાં કૂતરાઓ મુદ્દે હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે પરંતુ રસ્તા પર કૂતરાઓ બિન્દાસ્ત ફરી રહ્યાં છે. આગામી દિવસોમાં ધૂળેટીનો તહેવાર આવી રહ્યો છે ત્યારે શ્વાન રંગ પર જ બેસીને રંગીન બની ગયો છે. **(તસવીર : સતીષ જાદવ)**

### પુણાગામમાં ધાબા પર જુગાર રમતા 7 પકડાયા

સુરત : પૂણા પોલીસે સીતારામ સોસાયટીમાંથી સાત જુગારીને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા આરોપીમાં વિજયકુમાર ભવાનભાઈ લાડુમોર, ભરતભાઈ ગુણાભાઈ હડીયા, વિજય મનાભાઈ નકુમ (તમામ રહે. સીતારામ સોસાયટી, પૂણાગામ રમેશભાઈ બચુભાઈ ઝીંઝાળા ( રહે. કિર્તીધામ સોસાયટી, પુણાગામ ) મુકેશભાઈ હકુભાઈ કાતરિયા ( રહે. વિક્રમ નગર સોસાયટી, પુણાગામ ), આતુભાઈ છગનભાઈ ઝીંઝાળા ( રહે. સુંદરવન સોસા., પુણાગામ ), રમેશભાઈ દુલાભાઈ લાડુમોર ( રહે. શિવશક્તિ સોસા., પુણાગામ )નો સમાવેશ થાય છે.

### બીસીજીની ચૂંટણી માટે સુરતમાં અધિકારીની નિમણૂક

સુરતઃ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની આગામી ૦૬/૦૩/૨૦૨૬નાં રોજ યોજાનાર ચૂંટણી માટે સુરત બીસીજીએ સુરત જિલ્લા વકીલ મંડળને પત્ર દ્વારા જાણ કરી હતી. જેને અનુલક્ષીને વકીલ મંડળનાં પ્રમુખ ઉદયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને હોદ્દેદારો અને કાઉન્સિલ સભ્યોની બેઠક મળી હતી. જેમાં પોલિંગ ઓફિસર તરીકે કમલનયન પી. અસારાવાલા તથા સહાયક પોલિંગ ઓફિસર તરીકે પ્રશાંત એ. સરૈયા, મો. ફારૂક એ. શેરસીયા, હર્ષદ પી. પટેલ તથા બોસ્કી એસ. સોની સહિતનાંની નિમણૂક કરવામાં આવી છે.

### ગોડાદરામાં મીટર બ્લાસ્ટમાં ઈલેક્ટ્રિશ્યન દાઝ્યો

સુરતઃ સુરત શહેરના ગોડાદરા વિસ્તારમાં બુધવારે ઈલેક્ટ્રિક મીટરમાં અચાનક થયેલા બ્લાસ્ટથી એક ઈલેક્ટ્રિશ્યન ગંભીર રીતે દાઝી ગયો હતો. મૂળ ગીરસોમનાથ જિલ્લાના ઉના તાલુકાના વતની અને હાલ વરાછા વિસ્તારના ગોકુલ એપાર્ટમેન્ટમાં રહેતા વિજય બાબુભાઈ વાળા ગોડાદરાના રાજ પેલેસ ખાતે ઈલેક્ટ્રિકનું કામ કરી રહ્યા હતા. મીટર સંબંધિત કામ દરમિયાન અચાનક બ્લાસ્ટ થતાં તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા.

# ‘અમારી સંમતિ વગર એક પણ સ્માર્ટ મીટર નહીં લાગે’

**હની** પાર્ક રોડ પર મંજૂરી વિના સ્માર્ટ મીટર લગાડવા આવેલા સ્ટાફ સાથે મહિલાઓની માથાકૂટ

### ‘મીટર અમારી કંપનીની પ્રોપર્ટી, જ્યારે ઈચ્છીએ ત્યારે બદલી શકીએ’ કહેતા વિવાદ વધ્યો

વિવાદનો માહોલ ત્યારે વધુ તંગ બન્યો જ્યારે કર્મચારીઓએ કહ્યું કે “મીટર અમારી કંપનીની પ્રોપર્ટી છે, અમે જ્યારે ઈચ્છીએ ત્યારે બદલી શકીએ.”આ નિવેદનથી રહીશોમાં વધુ આક્રોશ ફાટી નીકળ્યો. લોકોનું કહેવું હતું કે આ પ્રકારનું રૂઆબદાર અને અક્કડ વલણ સત્તાનો દુરુપયોગ સમાન છે. હાલ માટે રહીશોના વિરોધને કારણે સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી અટકાવી દેવામાં આવી છે. સમગ્ર ઘટનાએ શહેરમાં સ્માર્ટ મીટર મુદ્દે ચાલી રહેલા અસંતોષને ફરી એકવાર ઉગ્ર બનાવી દીધો છે. હવે પ્રશ્ન એ છે કે, જનતા સાથે સંવાદ વિના આ પ્રકારની કામગીરી કેટલા સમય સુધી શક્ય બનશે?

સુરતઃ હની પાર્ક રોડ પર આવેલી શિવ શક્તિ એપાર્ટમેન્ટમાં સ્માર્ટ મીટર ફિટ કરવા આવેલી ડીજીવીસીએલની ટીમને રહીશો, ખાસ કરીને મહિલાઓએ ઘેરી લીધા હતા. મંજૂરી વગર મીટર બદલવાનો આક્ષેપ કરતાં મહિલાઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું “અમારી સંમતિ વગર એક પણ મીટર નહીં લાગે!”

જ્યારે DGVCLના કર્મચારીઓ સાધનો સાથે એપાર્ટમેન્ટમાં પહોંચ્યા, ત્યારે વાતચીતથી શરૂ થયેલો મુદ્દો થોડા જ સમયમાં ઉગ્ર બોલાચાલી સુધી પહોંચી ગયો. મોટી સંખ્યામાં મહિલાઓ નીચે એકત્ર થઈ ગઈ અને કામગીરી અટકાવી દીધી. રહીશોનું કહેવું હતું કે, કોઈ પૂર્વ સૂચના કે લેખિત જાણ વગર સીધું જ મીટર બદલવાની પ્રક્રિયા શરૂ કરવી લોકશાહી ઢબે યોગ્ય નથી. સાથે જ રહીશોએ ગંભીર આક્ષેપ લગાવ્યા કે મકાન માલિકોની લેખિત કે મૌખિક મંજૂરી લીધા વગર જ મીટર બદલવાનો પ્રયાસ થઈ રહ્યો છે. “ઘર અમારું છે, તો અમારી મરજી વિના વીજ કંપની કેવી રીતે ઉપકરણ બદલી શકે?” એવો સવાલ મહિલાઓએ ઉઠાવ્યો હતો. સોસાયટીના કેટલાક સભ્યોએ જણાવ્યું કે, જો તેઓ સમયસર ન આવ્યા હોત તો તેમની ગેરહાજરીમાં જ મીટર બદલી નાખવામાં આવ્યા હોત. આ દરમિયાન DGVCLના અધિકારીઓએ દલીલ કરી કે સોસાયટી પ્રમુખની પરમિશન મેળવી લેવામાં આવી છે. છતાંયે રહીશો આ વાતથી સંતોષ પામ્યા નહોતાં.

### દુબઈ ફ્લાઈટમાં ડોલર્સ સાથે પકડાયેલી અંજલિ સોનીનાં જામીન નામંજૂર

સુરતઃ ડોલર કેસમાં આરોપી અંજલી સોનીની જામીનઅરજી ચીફ કોર્ટે નામંજૂર કરી હતી. સુરતથી દુબઈ જતી ફ્લાઈટનાં મહિલા મુસાફર અંજલી ભરતભાઈ સોનીની ૧૩૪૧૦૦ ડોલર સાથે ધરપકડ થઈ હતી. આ કેસમાં ડીઆરઆઈએ પતિ દર્શિત નિલેશભાઈ ઠક્કરની પણ ધરપકડ કરી હતી. આરોપી અંજલીએ વકીલ મારફતે ચીફ કોર્ટમાં જામીનઅરજી રજૂ કરી હતી. આ જામીનઅરજીનો ડીઆરઆઈ તરફે ખાસ સરકારી વકીલ ધર્મેન્દ્ર પ્રજાપતિએ વિરોધ કર્યો હતો અને દલીલ કરી હતી કે આરોપી તથા તેના પતિ બંને આ ગુનામાં સંડોવાયેલા છે. આરોપીએ અગાઉ પણ વિદેશ પ્રવાસ કર્યો હતો. તપાસને અસર થઈ શકે તેમ હોય આરોપીને જામીન પર મુક્ત ન કરવા અરજ કરી હતી.

# ગજેરાબંધુની કંપનીના બેંકનાં ખાતાં ફ્રીઝ થવાનો સંકેત

**મિલેનિયમ** માર્કેટની કંપનીના પૂર્વ ભાગીદાર પ્રવીણ અગ્રવાલે ICICI બેંકને પત્ર લખ્યો

સુરતઃ બોગસ સહીઓ કરી મિલેનિયમ માર્કેટ 2 અને 4ની કંપની શાંતિ રેસિડેન્સીસ પ્રાઈવેટ લિમિટેડમાં પોતાનો 43%નો હિસ્સો 4.2% કરી દેવાના મામલામાં પ્રવીણ દેવકીનંદન અગ્રવાલ ઉર્ફે પ્રવીણ ભૂતે વસંત ગજેરા, રાકેશ ગજેરા સહિત અન્યો સામે ગુનો નોંધવાનો ગઈકાલે હાઈકોર્ટે હુકમ મેળવ્યો હતો.

ગુરુવારે પ્રવીણ દેવકીનંદન અગ્રવાલે પોતાની 43% માલિકીની કંપનીમાંથી ગજેરાબંધુઓ કરોડો રૂપિયા ઉપાડી ન શકે એ માટે આઈસીઆઈસીઆઈ બેંક (સુરત-ટેક્સટાઈલ માર્કેટ શાખા રઘુનંદન ટેક્સટાઈલ માર્કેટ, રિંગ રોડ, સુરત) ના બ્રાન્ચ મેનેજરને લેખિત અરજી આપી શાંતિ રેસિડેન્સીસ પ્રાઈવેટ લિમિટેડના શેરધારક તરીકે ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો રજૂ કરી ખાતું ફ્રીઝ કરવા લેખિત ફરિયાદ આપી હતી. આ મામલામાં બેન્કનો લિગલ વિભાગ કાનૂની અભિપ્રાય લઈ બંને પક્ષોને સાંભળી નિર્ણય લેશે ગજેરાબંધુઓની શાંતિ રેસિડેન્સીસ પ્રાઈવેટ લિમિટેડમાં ચાલી રહેલા મેનેજમેન્ટ વિવાદ અને નાણાકીય ગેરરીતિઓ મામલે હવે કાયદાકીય ગાળિયો કસાયો છે. કંપનીના મુખ્ય શેરહોલ્ડર પ્રવીણ દેવકીનંદન અગ્રવાલે ગુજરાત હાઈકોર્ટના કડક વલણ બાદ સુરતની ICICI બેંકને પત્ર લખીને કંપનીના કરંટ એકાઉન્ટમાંથી તમામ પ્રકારના ડેબિટ વ્યવહારો તાત્કાલિક અસરથી સ્થગિત (Freeze) કરવાની તાકીદ કરી છે, અન્યથા બેંક પણ કાનૂની રીતે મુશ્કેલીમાં મુકાઈ શકે તેમ છે. આ મામલે હાઈકોર્ટે ગંભીર નોંધ લઈને પોલીસને તાત્કાલિક FIR નોંધવા નિર્દેશ આપ્યા છે. ત્યારબાદ કંપનીના શેર હોલ્ડર પણ કાનૂની લડત લડી લેવા આક્રમક બની ગયા છે.

ગજેરાબંધુ સાથે જોડાયેલા કરોડો રૂપિયાના આ વિવાદની ટૂંકી હકીકત એવી છે કે, મુંબઈ સ્થિત શાંતિ રેસિડેન્સીસ પ્રાઈવેટ લિમિટેડના શેરહોલ્ડર પ્રવીણ અગ્રવાલે આક્ષેપ કર્યો છે કે કંપનીમાં મોટા પાયે છેતરપિંડી, દસ્તાવેજોમાં ફેક સહીઓ (Forgery) અને બેંકિંગ સાધનોનો દુરુપયોગ કરવામાં આવ્યો છે. કંપનીમાં અંદાજે ૪૨% હિસ્સો ધરાવતા અગ્રવાલ પરિવારનો આરોપ છે કે મેનેજમેન્ટ પર કબજો જમાવી બેઠેલી અમુક વ્યક્તિઓ દ્વારા કંપનીના ભંડોળની ઉચાપત કરવામાં આવી રહી છે.

# ફેક ‘RTO Challan’ એપથી બેંકમાંથી 3.10 લાખ ઉપડી ગયા

**જહાંગીરપુરાના** ખેડૂતે એપમાં ઓટીપી નાંખતા જ રકમ ટ્રાન્સફર થઈ ગઈ

સુરતઃ જહાંગીરપુરા વિસ્તારમાં એક ખેડૂતને ફેક ‘RTO Challan’ એપ્લિકેશનના ઝાંસામાં લઈ મોબાઈલ હેક કરી બેંક ખાતામાંથી લાખો રૂપિયા ટ્રાન્સફર કરી લેવાયા હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે.

જહાંગીરપુરા સુકૃત હોમ્સમાં રહેતા વિમલભાઈ કાંતિલાલ પટેલ (ઉં.વ.45) તા. 23 ડિસેમ્બર 2025ની રાત્રે પોતાના ઘરે હાજર હતા. તે દરમિયાન તેમના ગામના વોટ્સએપ ગ્રુપમાં ‘RTOCHALLAN.APK’ નામની એક એપ્લિકેશનનો મેસેજ મળ્યો હતો.

ટ્રાફિક ચલન સંબંધિત હોવાનો ભાસ થતાં તેમણે તે એપ પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરી ઈન્સ્ટોલ કરી હતી. એપ્લિકેશન ઈન્સ્ટોલ કર્યા બાદ રજિસ્ટ્રેશન પ્રક્રિયા દરમિયાન વિમલભાઈએ પોતાનો મોબાઈલ નંબર દાખલ કર્યો હતો. ત્યારબાદ આવેલ OTP પણ એપમાં દાખલ કરતાં જ સાયબર ઠગોએ તેમના મોબાઈલ હેક કરી લીધો હતો.

થોડા જ સમયમાં તેમના તથા પત્ની આરતીબેનના State Bank of Indiaના ખાતામાંથી કુલ રૂ. 3,10,000 ઓનલાઈન IMPS મારફતે ટ્રાન્સફર કરી લેવાયા હતા. ઠગાઈની જાણ થતાં જ વિમલભાઈએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. આ બનાવ અંગે જહાંગીરપુરા પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા ઈસમ સામે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને તપાસ હાથ ધરવામાં આવી છે.

# અડાજણમાં દીકરીનાં લગ્નની ચિંતામાં મહિલાનો આપઘાત

**ઘરે** છતના લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઇ જીવન ટુંકાવ્યું

**સરથાણામાં** મકાનના ઉપરના માળે રહેવાની તકરારમાં વૃદ્ધાએ ઝેર પીધું

સુરતઃ શહેરમાં બુધવારે બનેલા બે અલગ અલગ બનાવોએ બે પરિવારોને શોકમાં ધકેલી દીધા છે. એક તરફ દીકરીના લગ્નની ચિંતા માતા માટે અસહ્ય બની ગઈ, તો બીજી તરફ ઘરેલું વિવાદે વૃદ્ધાને આત્મઘાતી પગલું ભરવા પ્રેર્યા હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે.

અડાજણ વિસ્તારમાં સ્ટાર બજાર મોલ પાછળ ધોબીની ખાંચીમાં રહેતા વિજય ચૌધરી દરજી કામ કરીને પત્ની શીતલબેન (ઉં.વ.૪૧) અને ત્રણ પુત્રીઓનું ગુજરાન ચલાવતા હતા. પરિવારજનોના જણાવ્યા મુજબ મોટી દીકરી રીયાની સગાઈ થયા બાદ લગ્નના ખર્ચ અને આયોજનને લઈને શીતલબેન છેલ્લા એકાદ મહિનાથી ભારે માનસિક તણાવમાં હતા.

બુધવારે તેમણે ઘરે છતના લોખંડના એંગલ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાથી સમગ્ર વિસ્તાર અને પરિવાર શોકમગ્ન બની ગયો છે. આ બનાવ અંગે અડાજણ પોલીસ વધુ તપાસ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં લગ્ન સંબંધિત ચિંતા કારણભૂત હોવાનું માનવામાં આવે છે, જોકે સત્તાવાર કારણ પોસ્ટમોર્ટમ અને તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

બીજા બનાવમાં મૂળ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના પાલડી ગામના વતની અને હાલ સરથાણા જકાતનાકા પાસે સુભાષનગરમાં રહેતા દિલીપ ભીખાભાઈ ભરોડિયા એમ્બ્રોઈડરી કારખાનામાં કામ કરીને પરિવારનું ભરણપોષણ કરતા હતા. તેમની માતા વિજુબેન (ઉં.વ.૬૯)એ બુધવારે સવારે ઘરે ઝેરી દવા પી લીધી હતી. ગંભીર હાલતમાં તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. પરિવારજનોના જણાવ્યા મુજબ મકાનના ઉપરના માળે રહેવા બાબતે થયેલા તકરારને પગલે તેમણે આ પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સમગ્ર મામલે પોલીસ તપાસ હાથ ધરાઈ છે.

# ડ્યૂટી ભરી દેતા એક્સાઈઝ ચોરીનો કેસ પાછો ખેંચાયો

**21 વર્ષ** જૂનો ૪૭.૯૫ લાખની એક્સાઈઝ ચોરીનો કેસ હતો

સુરતઃ વર્ષો જૂના એક્સાઈઝ ડ્યૂટી ચોરી કેસમાં આરોપીએ ડ્યૂટી ભરી દેતા સરકાર પક્ષ દ્વારા કેસ વિડ્રો કરવામાં આવ્યો હતો. બીજી બાજુ આરોપીને સરકારની સબકા વિશ્વાસ સ્કીમ હેઠળ રૂ. 33 લાખ ઉપરાંતની રાહત પણ મળી હતી.

આ કેસની વિગત મુજબ સેન્ટ્રલ એકસાઈઝ દ્વારા કોર્ટમાં વર્ષ 2004 માં મેસર્સ યુનિયન ક્વોલિટી પ્લાસ્ટિક લિમિટેડ સહિત જુઝર અહમદ કાઠાવાલા, વિલાસ વિષ્ણુ માને અને મગન કાપડિયા સામે અંદાજે ૧.૬૦ લાખ કિલો ફેબ્રિક સહિતનો માલ કોઈ પણ ઈનવોઈસ કે ટેક્સ ભર્યા વગર બજારમાં વેચવામાં આવ્યો હોવાનો કેસ કરવામાં આવ્યો હતો.

જેમાં આરોપીઓ સામે રૂ.૪૭,૯૫,૬૨૭ ની એક્સાઈઝ ડ્યૂટીની ચોરીનો આરોપ હતો. આ કેસ વર્ષ 2004 માં વલસાડની કોર્ટમાં શરૂ થયો હતો અને વર્ષ 2018 માં ઉમરગામ કોર્ટમાં ટ્રાન્સફર થયો હતો. જો કે ટ્રાયલ દરમિયાન આરોપીઓ હાજર ન રહેતા સતત તારીખો જ પડી રહી હતી. દરમિયાન જૂન-2025 માં આ કેસ આગળ ચલાવવા સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યુટર અશ્વિન જે. જોગડિયાની નિમણૂક કરવામાં આવી હતી. આરોપીઓ સામે ધરપકડ વોરંટ જારી થયું હતું. વોરંટની બજવણી થતાની સાથે જ એ વાત રેકર્ડ પર આવી હતી કે આરોપીઓએ ભારત સરકારની ‘સબકા વિશ્વાસ’ સ્કીમ હેઠળ રૂ.33,56,983 ની ટેક્સ રાહત સાથે 14.38 લાખ ઉપરાંતની ડ્યૂટી ભરી હતી.

સુરત જીએસટી એન્ડ સેન્ટ્રલ એકસાઈઝ વિભાગ દ્વારા નાણાં રિકવર થઈ ગયા હોવાથી કેસ પરત ખેંચી લેવામાં આવ્યો હતો.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**પરાઝિઓ કલબ**
ની મેમ્બરશિપ વેચવાની છે, લીધેલા ભાવ માં. કોન્ટેક્ટઃ- 9687422266

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**નોકરી વિષયક**

**પટાવાળા જોઈએ છે**
સી. એ. ઓફિસ માટે એસએસસી પાસ- નાપાસ પટાવાળા જોઈએ છે. મળો. જશવંત પી. પટેલ એલ- ૧૦, જલદર્શન ટાવર બહુમાળીની બાજુમાં નાનપુરા સુરત (832)

**જોઇએ છે**
હાર્ડવેર નેટવર્કિંગ એન્જિનિયર કોમ્પ્યુટર સ્ટોર સર્વિસ સેન્ટર માટે અને ડિલિવરી બોય. યશ્વી ઈન્ફોટેક (નાનપુરા) 9824651603

**લોનની કંપની**
માટે ટેલીકોલર છોકરી જોઈએ છે. પાર્ટટાઈમ/ ફુલટાઈમ Location નાનપુરા સુરત મોઃ- 9586817707

**Sketcher Artist**
જોઈએ છે ઉધનામાં Wedding Saree અને સૂટની એમરોડરી ડિઝાઈન આર્ટિસ્ટ સ્કેચર. 9726166466

**જોઈએ છે,**
એન્જિનિયરિંગ કંપનીમાં ફેબ્રિકેશન કામ માટે અનુભવી હેલ્પર, વેલ્ડર, ફિટર જોઈએ છે, ટેકનો ક્રિએટ એન્જિનિયર્સ, પ્લોટ નંબરઃ 713, રોડ નંબરઃ 7, અરમાન ઈન્ડસ્ટ્રીઝની સામે, જી.આઈ.ડી.સી, સચિન, સુરત, MO: 9725686148

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**હિમાલયા હોલીડે**
(1) ચારધામ યાત્રા મેં મહિનામાં (2) કાશ્મીર (3) શિમલા મનાલી (4) દાર્જીલિંગ ગેંગટોક, પેલીગ Mo:- 9427803273/ 9825142005 (812)

**(સાગર- 9427113317)**
ધૂળેટીમાં (સ્લીપરમાં) શાહપુરા, કરણીમાં, ખાટુશ્યામ, રામદેવરા, સાંવરિયાજી, શ્રીનાથજી

**જૂના અને જાણીતા**
રાજુ મોદી સિમલા, મનાલી, ડેલહાઉસી, ધર્મશાળા, અમૃતસર ઉપડશે 11 મે, દિવસ 13, સ્ટારગ્રેડ હોટલ વેજ નોનવેજ બ્રેકફાસ્ટ ડિનર 9374512979 (842)

**FOR Sell**
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

**Dinesh Tours**
N Travels આરામદાયક હોટલ, સુરતી ભોજન, અનુભવી ટુર મેનેજર સહિત નું આયોજન... @ કેરલા- રામેશ્વરમ- મદુરાઈ- કન્યાકુમારી. દિ. ૧૦ @ બદ્રીનાથ- કેદારનાથ- ગંગોત્રી- યમનોત્રી. દિ ૧૩ @ દાર્જીલિંગ- લાચુંગ- પેલિંગ- ગંગટોક. દિ- ૯ વધુ માહિતી માટે સંપર્ક કરોઃ- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

**28 રાત્રે**
ગોળીગઢ, વિજ્ઞેશ્વર, ઉનાઈ, દમણ, 1100/- રૂપિયા, બે ટાઈમ નોનવેજ,- 9484448329

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે દ્વારા (1) ચારધામ, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 15/5, 28/05, દિવસ- 15. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, નેપાળ, ગયાજી, અયોધ્યા, તારીખ- 14/5, દિવસ- 12(3) દક્ષિણ ભારત, રામેશ્વર, કન્યાકુમારી, ઉંટી, તિરૂપતિ. તારીખ- 28/5, દિવસ- 12. (4) હરિદ્વાર, (અધિક માસમાં) ઋષિકેશ. તારીખ- 22/5, દિવસ- 7. ગ્રુપ બુકીંગ સ્વીકારીશું. મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પલેક્ષ, તાપી હોસ્પિટલ સામે, ન્યુરાંદેર રોડ, સુરતઃ 9825144143

**JOY N JOY TRAVELS.**
(રોયલ ભુતાન 3 સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ-ડિનર/ AC ટોયોટા કોસ્ટર સાથે એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. તારીખ 15 મે/ 22 મેં. દિવસ- 8) (ચારધામ યાત્રા પેકેજ દિવસ- 12) જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. 9429507723.

**ચારધામ યાત્રા.**
જુનું અને જાણીતું નામ કિંજલ શાહ સંગાથે માણો (ચારધામ યાત્રા- કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી, ગંગોત્રી સાથે હરિદ્વાર અને ઋષિકેશ) (કાશ્મીર) (કેરાલા) પહાડો હોયકે બીચ માણો મજા સુરતી સ્વાદ અને રસોઈયા સાથે. બુકિંગ ચાલુ થઈ ગયું છે. JOY ENJOY TRAVEL PLANNER. કિંજલ શાહ. 9426157371

**મિલ્કત વેચવાની છે**

**ઘોદદોડ રોડ**
ગોકુલમ ડેરી પાસે શરૂ થતાં નવા બાંધકામમાં પ્રિ- બુકિંગમાં ફ્લેટ, દુકાન, ઓફિસ વેચાણથી આપવાના છે 9377889912/ 9879276073 (840)

**મકાન વેચવાનું છે**
134 ચોરસ મીટર, ગ્રાઉન્ડ + બે માળ, પ્લોટ નં. 25, નવો મોહલ્લો, સાંઈબાબા મંદિર સામે, મેઈન રોડ, રુદરપુરા, સુરત. મો. 8291401808, 7700974403

**ફ્લેટ વેચવાનો**
દસ્તાવેજ બીજોમાળ ૧૧ લાખ રોકડા અનાવિલ શેરી સગરામપુરા 8488968543

**મિલકત વેચવાની છે**
વેડરોડ કતારગામ વિસ્તારમાં વિરામનગર સોસાયટી મોંઃ- 9426862069

**લગ્ન વિષયક**

**સુરત રહેતી**
30 વર્ષની દેસાઈ યુવતી માટે વેલ સેટલ્ડ યુવક આવકાર્ય 9512318416

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર


અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.